# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **અમદાવાદના ચંડોળા તળાવ પર ગેરકાયદે બંધાયેલા ચાર હજાર કાચા પાકા મકાનો દૂર કરીને દોઢ લાખ ચોરસ મીટર જમીન ખુલ્લુ કરતું તંત્ર.**
2. **બનાસકાંઠા અને અંતરિયાળ ડાંગ જિલ્લામાં નાગરિકોની સુવિધા વધારતા વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી.**
3. **અમદાવાદ એરપોર્ટ પરથી 39 કરોડ રૂપિયાનો 39 કિલો હાઇબ્રિડ ગાંજો ઝડપાયો.**
4. **પશ્ચિમ રાજસ્થાન ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાતા રાજ્યમાં કમોસમી વરસાદ વરસવાની આગાહી.**
5. **આઇપીએલની અમદાવાદમાં રમાયેલી મેચમાં હૈદ્રાબાદ ને હરાવી ગુજરાત ટાઇટન્સ પોઇન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચ્યું.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CHANDOLA TALAV KAMGIRI

અમદાવાદના ચંડોળા તળાવ પર ગેરકાયદે બંધાયેલા ચાર હજાર કાચા પાકા મકાનો તોડી પાડવામાં આવ્યા છે અને આ તોડી પાડવામાં આવેલા મકાનોનો કાટમાળ દૂર કરવાની કામગીરી અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવી રહી છે.

પોલીસ અને મહાનગર પાલિકા દ્વારા એક લાખ પચાસ હજાર ચોરસ મીટર જેટલી જગ્યામાં થી આ દબાણો દૂર કરાયા છે. હવે દૂર કરાયેલા દબાણો બાદ તળાવની અંદરનો કાટમાળ દૂર કરીને આ તળાવમાં તબક્કાવાર પાણી ભરવામાં આવશે. ફરી આવા કોઇ ગેરતાયેદ દબાણો ન થાય તેની તકેદારીના ભાગરૂપે દિવાલ પણ ચણવામાં આવી રહી છે. ગેરકાયદે વસવાટ કરતા લોકોના વિજ જોડાણો સહિતની ગેરકાયદે જોડાણઓ પણ દૂર કરવાની કામગીરી કરવામા આવી રહી હોવાનું અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા જણાવાયું છે.

---

# ANKLESHWAR FANSI

અંકલેશ્વર સેશન્સ કોર્ટે ભારતીય ન્યાય સંહિતા હેઠળ એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે, જેમાં ઝઘડિયા જીઆઈડીસીમાં 10 વર્ષની નિર્દોષ બાળકી પર થયેલા અપહરણ, દુષ્કર્મ અને ઘાતકી હત્યાના ગુનામાં આરોપીને માત્ર 72 દિવસમાં ફાંસીની સજા ફટકારવામાં આવી છે. આ ચુકાદો નવા કાયદા હેઠળ રાજ્યમાં પ્રથમ ફાંસીની સજા તરીકે નોંધાયો છે, જે ગુજરાતના ન્યાયતંત્ર અને પોલીસ તંત્રની કાર્યક્ષમતાનું પ્રતીક છે તેમ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું..

આ કેસમાં રચાયેલા ખાસ તપાસ દળે ઝીણવટભરી તપાસ હાથ ધરી, જેમાં 10થી વધુ અધિકારીઓએ નોંધપાત્ર યોગદાન આપ્યું.

---

# PALANPUR VIKAS KARYO

રાજ્યના કેબિનેટ મંત્રી અને બનાસકાંઠાના પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે વર્ષ 2025-26ની જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી. વર્ષ 2025-26 માટે એક હજાર 704 લાખના 754 વિકાસના કામોને મંજુર કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં મંત્રીશ્રીએ સમયમર્યાદામાં તમામ વિકાસના કામો પૂરા થાય તે માટે સૂચન કર્યું હતું. જેમાં વર્ષ 2022-23 અને 2023-24ના કામો તાત્કાલિક પૂર્ણ કરવા તથા તેના ખર્ચનું ચુકવણું પણ નિયત સમયમર્યાદામાં કરવા સુચના આપવામાં આવી હતી.

વધુમાં મંત્રીક્ષીએ જણાવ્યું હતું કે આયોજનના કામ સમયમર્યાદામાં પૂર્ણ થાય તો નાગરિકોને તેનો વધુ ફાયદો મળી રહેશે. આ બેઠકમાં બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર સહિત ધારાસભ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

# DANG - KUNVERJI HALPATI

ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજી હળપતિના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સમિક્ષા બેઠકમાં જિલ્લા આયોજન મંડળના આ વર્ષના અંદાજીત છ કરોડ રૂપિયાના વિકાસ કામોને મંજુરી અપાઈ હતી. મંત્રીશ્રીએ વર્ષ 2022-23 અને

2024-25ના કામોની સમીક્ષા હાથ ધરી , વિકાસ કામો તેની નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી.

## બાઈટ – કુંવરજી હળપતિ, મંત્રીશ્રી ગુજરાત

---

# RAGHVJI PATEL BETHAK IN JAMNAGAR

**કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં "એક રાષ્ટ્ર , એક ચૂંટણી " ના પ્રસ્તાવને જામનગર હાપા માર્કેટિંગ યાર્ડના વેપારીઓ દ્વારા સમર્થન અપાયું છે. લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી એક બેઠક યોજવામાં આવી હતી. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશભરમાં એક રાષ્ટ્ર, એક ચૂંટણી"ના બીલ લાગુ થવાથી ચોક્કસ સમય મર્યાદાની અંદર ચૂંટણીઓ થશે જેનાથી દેશને ઘણો ફાયદો થશે.**

**આ બેઠકમાં માર્કેટિંગ યાર્ડના ડાયરેક્ટર , હોદ્દેદારો, વેપારીઓ અને લોકો ઉપસ્થિત રહી પ્રસ્તાવને સમર્થન જાહેર કર્યું હતું.**

---

# GANJO

**અમદાવાદ એરપોર્ટ પરથી 39 કરોડનો હાઇબ્રિડ ગાંજો ઝડપાયો છે... બેંગકોકથી આવેલા ત્રણ મુસાફરોએ છ બેગમાં 60 પેકેટમાં 39 કિલો કરતાં વધુ ગાંજો છુપાવ્યો હતો...થાઇ એરવેઝની ફ્લાઇટમાંથી આ ગાંજો ઝડપાઇ ગયો હતો.. ડીઆરઆઇ અને કસ્ટમના સંયુક્ત ઓપરેશનમાં છેલ્લા ચાર દિવસમાં 76 કરોડ કરતાં વધું ગાંજો ઝડપી પાડવામાં આવ્યો છે.**

---

# GANDHINAGAR MoU

રાજ્યના બાળકોને સુપોષિત બનાવવાના હેતુથી સંકલીત બાળ વિકાસ યોજના અને એસ્ટ્રલ ફાઉન્ડેશન તથા દેશની પ્રથમ આરોગ્ય યુનિવર્સિટી અને વૈધાનીક સંસ્થા ( IIPH-G) વચ્ચે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતાં. આ સંસ્થાઓનો ઉદ્દેશ્ય શિક્ષણ , તાલીમ, સંશોધન અને નિતિગત પહેલ દ્વારા દેશમાં સમગ્ર આરોગ્ય પ્રણાલીને મજબુત કરવાનો છે.

---

# GOVERNOR'S MEETING

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને રાજભવન ખાતે માર્ગ અને મકાન વિભાગના વરિષ્ઠ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે રાજ્યની તમામ સરકારી બિલ્ડીંગો તમામ યુનિવર્સિટી, કોલેજ તેમજ શાળાઓમાં વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઉપલબ્ધ થાય તો મહત્તમ વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારીને ભૂગર્ભ જળ ઊંચા લાવી શકાય. આ સાથે જ વીજળીની મહત્તમ બચત થાય તે માટે જરૂરી પગલાં ભરવા માટે પણ સૂચનો આપ્યા હતા.

---

# WEATHER

પશ્ચિમ રાજસ્થાન ઉપર અપાર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાતા રાજ્યમાં કમોસમી વરસાદ વરસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ વિગતો આપતાં જણાવ્યું હતું કે , આજે કચ્છ,

બનાસકાંઠા, સાબરકાંઠામાં ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે આવતીકાલે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, દીવ, ગીરસોમનાથ, અમરેલી, ભાવનગરના ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

## બાઇટ- પ્રદિપ શર્મા, વૈજ્ઞાનિક હવામાન વિભાગ

ગઇકાલે દિવસ દરમિયાન ગાંધીનગરનો પારો 43.5 ડિગ્રી અને અમદાવાદનું તાપમાન 43.4 ડિગ્રી નોંધાયું હતું.

---

# ARVALLI HEALTH CENTRE

અરવલ્લીનાં અંતરિયાળ અને આદિવાસી વિસ્તારમાં આરોગ્ય ક્ષેત્રે ઉચ્ચ કક્ષાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે, જેના સંદર્ભમાં તાજેતરમાં અરવલ્લી જિલ્લામાં આયુષ્માન આરોગ્ય મંદિર અને આયુષ્માન આરોગ્ય મંદિર મળી કુલ-38 આરોગ્ય સંસ્થાઓને રાષ્ટ્રીય કક્ષાના પ્રમાણપત્ર મેળવ્યા છે. સરકાર દ્વારા આરોગ્ય મંદિરમાં સરકારી યોજનાઓ, દર્દીઓ માટેની સેવાઓ, સ્વચ્છતા સહિતની સુવિધાઓના આધારે પ્રમાણપત્રો આપવામાં આવતા હોય છે..

## બાઈટ : જયેશ પરમાર, ઈન્ચાર્જ CHDO, અરવલ્લી

---

# IPL CRICKET

IPLમાં ગઈકાલે રાત્રે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સે સનરાઇઝર્સ હૈદરાબાદને 38 રનથી હરાવ્યું. ગુજરાતે પ્રથમ બેટિંગ કરીને 6 વિકેટે 224 રન બનાવ્યા. 225 રનના લક્ષ્યાંકના જવાબમાં હૈદરાબાદની ટીમ 6 વિકેટે 186 રન જ બનાવી શકી. આ વિજય સાથે જ ગુજરાત ટાઈટન્સ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું છે.

દરમ્યાન આજે સાંજે સાડા સાતવાગે બેંગ્લોરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો સામસામે ટકરાશે.

---

# WAVES SUMMIT-COMMUNITY RADIO

મુંબઈમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ-વેવ્સ 2025 ના ત્રીજા દિવસે આજે કોમ્યુનિટી રેડિયો પર રાષ્ટ્રીય પરિષદ યોજાશે. તેમાં નવીનતમ વલણો, નીતિઓ અને કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવશે. તેનો ઉદ્દેશ્ય લોકોને સશક્ત બનાવવાનો અને સ્થાનિક સમુદાય સાથે વધુ અસરકારક રીતે જોડાવાની ક્ષમતા વધારવાનો છે. તે કોમ્યુનિટી રેડિયો સ્ટેશનોને એકબીજા સાથે જોડાવા, શીખવા અને શ્રેષ્ઠ પ્રથાઓના આદાન પ્રદાન માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડશે. આ કાર્યક્રમ માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશનના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે.

દરમિયાન માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ. મુરુગન આજે "ઈન્ડિયાઝ લાઈવ ઈવેન્ટ્સ ઈકોનોમી: અ સ્ટ્રેટેજિક ગ્રોથ ઈમ્પેરેટિવ" નામનું પ્રથમ શ્વેતપત્ર બહાર પાડશે. આ શ્વેતપત્ર ભારતના ઝડપથી વિકસતા જીવંત પ્રસારણ મનોરંજન

ઉદ્યોગનું વ્યાપક વિશ્લેષણ રજૂ કરે છે. તે ઉભરતા વલણો , વિકાસના માર્ગો અને ક્ષેત્રના સતત વિકાસ માટે મુખ્ય ભલામણોને પ્રકાશિત કરે છે. WAVES દરમિયાન મીડિયા અને મનોરંજન ક્ષેત્ર 2024-25 પર એક આંકડાકીય પુસ્તિકા પણ બહાર પાડવામાં આવશે.

---

# NATIONAL FOOTBALL

છત્તીસગઢના નારાયણપુર ખાતે રમાઈ રહેલ સ્વામી વિવેકાનંદ અંડર 20 નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશીપમાં લીગની ત્રીજી મેચમાં ગુજરાતે અંડમાન અને નિકોબાર પર વિજય મેળવ્યો હતો. ભારતની 36 ટીમો વચ્ચે રમાઈ રહેલ સ્વામી વિવેકાનંદ અંડર 20 નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશીપમાં ગુજરાતે અંડમાન અને નિકોબાર પર 6-0 થી એકતરફી વિજય મેળવ્યો.

મેચના પ્રારંભથી જ ગુજરાતે મેચ પર પ્રભુત્વ મેળવ્યું હતું. 27 મી મિનિટે પ્રથમ ગોલ થયેલો હતો અને હાફ ટાઇમ સુધી સ્કોર 1-0 હતો.

---